# Royal Higher Secondary School - Dhoraji

**Std :- 12th** **Sub : S.P.C.C.** **Date : 06-01-2025**

**Time :- 3:15 hours** **Round Test 1** **Marks :- 100**

## SECTION - A

➢ **નીચે આપેલા ચાર જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકના1 ગુણ)** **(20)**

**1.** બેન્ક સાથેના પત્રવ્યવહારમાં નીચેની કઈ બાબતોનો ઉલ્લેખ થતો હોય ત્યારે પત્રની ગોપનીયતા જળવાય તે જરૂરી છે ?

A. ખાતા નંબર B. ખાતાધારકનું નામ

C. નાણાકીય બાબત D. સમયપાલન

**2.** જાહેર ઉપયોગી સેવાઓ પૂરી પાડતા વિભાગો કે નિગમોને કોની નાણાકીય સહાય પ્રાપ્ત થતી હોય છે ?

A. મોટાં ઔધોગિક ગૃહો B. ટ્રસ્ટ C. બેન્ક D. રાજ્ય કે કેન્દ્ર સરકાર

**3.** વ્યાપારી સંસ્થા/પેઢીમાં કાયદાકીય કે બંધારણીય અથવા કાર્યાલયની માળખાગત બાબતો અંગે કર્મચારીઓને જાણ કરવા કયો પત્ર લખાય છે ?

A. પરિપત્ર B. મેમો C. નોટિસ D. ચોપાનિયાં

**4.** વીમાના મુખ્ય કેટલા પ્રકાર છે ?

A. એક B. બે C. ત્રણ D. ચાર

**5.** નીચેનામાંથી કાગળ વગરની ટપાલ કોને કહેવાય ?

A. ઈ-મેસેજ B. ટપાલ C. ઈ-બેન્કિંગ D. ઈ-મેલ

**6.** નીચેનામાંથી શેના માટે માધ્યમ ઉપરાંત કૌશલ્યની જરૂરિયાત રહે છે ?

A. રજૂઆત B. વ્યૂહરચના

C. વક્તવ્ય D. એકપણ નહીં

**7.** ભારતમાં શેર અને અન્ય જામીનગીરીઓનાં ભરણાં માટે કંપનીને કયા કાયદાઓનો અમલ કરવો જરૂરી છે ?

A. સેબી એક્ટ, 1992 B. કંપનીનો કાયદો, 2013

C. સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ રેગ્યુલેશન એક્ટ, 1956

D. આપેલ બધા જ

**8.** અંતિમ ચેતવણીપત્ર મળ્યાના કેટલા દિવસમાં વ્યાજસહિત નાણાં ભરવાની તાકીદ આપવામાં આવે છે ?

A. 14 દિવસ B. 7 દિવસ

C. 10 દિવસ D. 21 દિવસ

**9.** શેર જપ્ત થવાથી...

A. શેરહોલ્ડરે ભરેલ રકમ કંપની પરત આપે

B. શેરહોલ્ડરે ભરેલ રકમ કંપની પરત આપતી નથી.

C. ભરપાઈ થયેલ શેરમૂડીમાં કોઈ ફેરફાર થતો નથી.

D. સત્તાવાર શેરમૂડીમાં ઘટાડો થાય છે.

**10.** શેરધારક અસ્થિર મગજનો થાય ત્યારે અદાલત કોની નિમણૂક કરે છે ?

A. કાયદેસરનો વારસદાર B. રિસીવર C. વાલી કે ટ્રસ્ટી D. કંપની સેક્રેટરી

**11.** સામાન્ય રીતે જે તે પક્ષકારને વાંધાઅરજી કેટલા સમયમાં કરવાની રહે છે.

A. એક સપ્તાહ B. બે સપ્તાહ C. ત્રણ સપ્તાહ D. ચાર સપ્તાહ

**12.** ડિબેન્ચરધારકોના વિશાળ સમુદાયનું પ્રતિનિધિત્વ કોણ કરે છે ?

A. ડિબેન્ચરધારક B. સંચાલક મંડળ C. ડિબેન્ચર ટ્રસ્ટી D. મેનેજર

**13.** કંપનીધારાની જોગવાઈ મુજબ ટ્રસ્ટડીડ માટે કેટલા નંબરનું ફોર્મ ભરવામાં આવે છે ?

A. ફોર્મ નંબર-6 B. ફોર્મ નંબર-10 C. ફોર્મ નંબર-12 D. ફોર્મ નંબર (ક)

**14.** કંપનીમાં સેવા આપનાર નિષ્ણાત વ્યક્તિઓને અવેજમાં આપેલ શેરથી ..........

A. સભ્યપદ મળતું નથી B. સભ્યપદ મળે છે

C. મેનેજર પદ મળે છે D. અંશતઃ સભ્યપદ મળે છે

**15.** મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂક પામનાર વ્યક્તિની ઉંમર ઓછામાં ઓછા કેટલી હોવી જોઈએ ?

A. 18 વર્ષ B. 21 વર્ષ C. 25 વર્ષ D. 30 વર્ષ

**16.** સંચાલક વધુમાં વધુ કેટલી કંપનીમાં સંચાલક બની શકે?

A. 5 B. 10 C. 20 D. 15થી વધુ

**17.** કંપની સભાની નોટિસ તેના સભ્યોને કેટલા દિવસ અગાઉ આપવી જરૂરી છે ?

A. 20 દિવસ B. 31 દિવસ

C. 25 દિવસ D. 21 દિવસ

**18.** પ્રોક્સીની નિમણૂક અંગેની જાણકારી કંપનીને કલાક પહેલાં આપવાની હોય છે.

A. 48 કલાક B. 24 કલાક C. 12 કલાક D. 1 દિવસ

**19.** નોંધણીનું પ્રમાણપત્ર મળ્યાના કેટલા સમયમાં ધંધો શરૂ ના કરે તો કંપનીને ફડચામાં લઈ જઈ શકાય ?

A. 1 વર્ષ B. 2 વર્ષ C. 3 વર્ષ D. 6 માસ

**20.** કંપનીને ફડચામાં લઈ જવાનો ઠરાવ પસાર થયા બાદ કેટલા દિવસમાં વર્તમાનપત્રમાં જાહેરાત આપવી પડે છે?

A. 7 દિવસ B. 10 દિવસ

C. 15 દિવસ D. 14 દિવસ

## SECTION - B

➢ **નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો. (દરેક ના 1 ગુણ)** **(10)**

**21.** વીમો શેની સામે રક્ષણ મેળવવાની વ્યવસ્થા છે ?

**22.** ઈ-લર્નિંગ અન્ય કયા નામથી ઓળખવામાં આવે છે ?

**23.** રજૂઆત એટલે શું ?

**24.** શેર લિયન (શેર પર વિશેષ હક)નો અર્થ આપો.

**25.** ડિમેટ ખાતું ક્યાં ખોલવામાં આવે છે ?

**26.** ગીરો ડિબેંચર એટલે શું ?

**27.** યુદ્ધ કે કટોકટી જાહેર થતાં કઈ વ્યક્તિનું સભ્યપદ સ્થગિત કરવામાં આવે છે ?

**28.** કંપનીના પ્રથમ સંચાલકની મુદ્દત ક્યારે પૂરી થયેલી ગણાય ?

**29.** કાર્યસૂચિનો અર્થ આપો.

**30.** લિક્વિડેટરની નિમણૂક થતાં કોની સત્તાનો અંત આવે છે ?

## SECTION – C **(14)**

➢ **નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ 7 પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 2 ગુણ)**

**31.** વ્યાપારી પેઢીએ કયા કયા સરકારી વિભાગો સાથે પત્રવ્યવહાર કરવો પડે છે ?

**32.** સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના નામ જણાવો.

**33.** નોટસના હેતુઓ જણાવો.

**34.** શેર અરજી અંગેની વિધિના તબક્કાઓ જણાવો.

**35.** શેર સોંપણીના સંજોગો જણાવો.

**36.** સરફ્રાન્સિસ પામરના મત મુજબ ડિબેંચરનો અર્થ આપો.

**37.** ડિબેંચર ટ્રસ્ટડીડમાં કઈ કઈ વિગતોનો સમાવેશ થાય છે ? (ગમે તે ચાર)

**38.** સ્ત્રી સંચાલકની નિમણૂક ક્યારે જરૂરી છે ?

**39.** કઈ કઈ વિગતોનો સમાવેશ સભાનોંધમાં થાય છે ? (ગમે તે ચાર)

**40.** કંપનીને ફડચામાં લઈ જવાના પ્રકારોના નામ જણાવો.

## SECTION – D **(15)**

➢ **નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ 05 પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 3 ગુણ)**

**41.** શેર હપ્તા અંગે સેક્રેટરીની ફરજો જણાવો.

**42.** શેરની ફરજિયાત ફેરબદલીની વિધિઓ જણાવો.

**43.** ડિબેંચરના કોઈપણ ત્રણ પ્રકારની સમજ આપો.

**44.** સભ્ય અને શેર હોલ્ડર વચ્ચેનો તફાવત લખો.

45. સંચાલકોની નિવૃત્તિ કયા સંજોગોમાં થાય છે ?

46. સભા પતિની ફરજો સમજાવો.

47. સ્વૈચ્છિક ફડચાના સંજોગો સમજાવો.

## SECTION – E (16)

➢ **નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ 04 પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 4 ગુણ)**

48. હીરો સાઇકલ્સ સુરત વતી અંબિકા સાઇકલ્સ મેન્યુફેક્ચરિંગ નોઈડાને 500 સાઇકલો ખરીદવા માટેનો ઓર્ડર આપતો ઇ-મેઇલ લખો.

49. શેર હપતા મંગાવવાની વિધિ સમજાવો.

50. સ્વૈચ્છિક ફેરબદલી અને ફરજિયાત ફેરબદલી વચ્ચેનો તફાવત જણાવો.

51. સભ્યપદનાં અંતના સંજોગો સમજાવો.

52. મેનેજિંગ ડિરેક્ટર અંગેની કંપની ધારાની નિમણૂક અંગેની જોગવાઈઓ જણાવો.

53. સામાન્ય ઠરાવ અને ખાસ ઠરાવ વચ્ચેનો તફાવત દર્શાવો.

## SECTION – F (25)

➢ **નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ 05 પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 5 ગુણ)**

54. જ્ઞાન ચી. માંડવિયા સુરત, પંજાબ નેશનલ બેંકમાં લોકર સુવિધા મેળવવા માગે છે. આ અંગેનો પત્ર તમારા બેંક મેનેજરશ્રીને લખો.

55. શહેરના જાહેર માર્ગો પર સફાઈની અનિયમિતતા અંગેનું ધ્યાન દોરતો પત્ર સૂરત મહાનગરપાલિકાને લખો.

56. તમારી શાળાની આસપાસ પાન-મસાલા અને ગુટખાનું વેચાણ થઈ રહ્યું છે. જેને બંધ કરવા માટે શાળાના આચાર્યશ્રીને જાણ કરતો પત્ર લખો.

57. શાહ કોમ્યુનિકેશન સેન્ટર, અમદાવાદ વતી શ્રી રાધિકા પટેલને ભરતી અંગે વ્યક્તિગત મુલાકાત માટે હાજર રહેવા માટે હાજર રહેવા માટે હાજર રહેવા જણાવતો પત્ર લખો.

58. સંજય પી. ખેની પોતે ખરીદેલ વીમા પોલીસી માટે મંજૂર કરેલ પ્રિમીયમની મુદતમાં ફેરફાર કરવા ઇચ્છે છે. તેમના વતી વીમા કંપનીને પત્ર લખો.

59. ધૈર્ય એચ. માંડવિયા તરફથી મેડિક્લેમ પોલીસી ખરીદવા માટેનો પત્ર યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સોયરસ કંપનીને લખો.

60. મૌખિક રજૂઆત માટે ધ્યાનમાં રાખવા લાયક બાબતો જણાવો.

## BEST OF LUCK